# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૦૫ તા.૨૧-૧૧-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- રાજ્યમાં આવેલ તમામ બોર્ડની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૫ ના વર્ગોમાં પ્રત્યક્ષ રીતે શૈક્ષણિક કાર્ય શરૂ કરવા બાબત.

સંદર્ભ:- ૧. ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/(પાર્ટ-૧)/ક તા.૨૧-૧૧-૨૦૨૧નો શિક્ષણ વિભાગનો ઠરાવ

૨. પ્રાશિનિ/સંકલન/૨૦૨૧/૧૩૪૬૯-૫૫૬ તા.૨૧-૧૧-૨૦૨૧નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્યમાં કોવિડ-૧૯ સંક્રમણ વધવાના કારણે અન્ય આદેશ ન થાય ત્યાં સુધી પ્રાથમિક શાળાઓ બંધ રાખવા શિક્ષણ વિભાગના તા.૦૫/૦૪/૨૧ના પત્રથી નિર્ણય કરવામાં આવેલ હતો. શિક્ષણ વિભાગના તા.૨૧/૧૧/૨૦૨૧ના ઠરાવ મુજબ પ્રાથમિક શાળાઓમાં ધો.૧ થી ૫ના વર્ગો માટે તા.૨૨/૧૧/૨૦૨૧ને સોમવાર થી પ્રત્યક્ષ શિક્ષણકાર્ય પુનઃશરૂ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. શિક્ષકો, બિન શૈક્ષણિક સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ બિડાણમાં આપેલ ઠરાવની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

- તા.૨૨/૧૧/૨૦૨૧થી ધો.૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે ભૌતિક રીતે/પ્રત્યક્ષ રીતે શૈક્ષણિક કાર્ય ફરીથી શરૂ કરવાનું રહેશે.
- શૈક્ષણિક કાર્યમાં હાજરી આપવી વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છિક રહેશે. જે માટે વિદ્યાર્થીના વાલી પાસેથી બિડાણમાં આપેલ નકલ મુજબ લેખિત સંમતિપત્ર મેળવી લેવાના રહેશે. જે વિદ્યાર્થીઓ વર્ગમાં ભૌતિક હાજરીથી પ્રત્યક્ષ રીતે ન જોડાઇ શકે તે વિદ્યાર્થીઓ માટે શાળાઓ દ્વારા ઓનલાઇન શિક્ષણકાર્ય સહીત હોમ લર્નિંગની હયાત પદ્ધતિ ચાલુ રાખવાની રહેશે.
- વર્ગખંડોમાં વિદ્યાર્થી સંખ્યાના ૫૦%ની ક્ષમતાની મર્યાદામાં, એકાંતર દિવસ મુજબ વિદ્યાર્થીઓને વર્ગખંડ શિક્ષણ માટે બોલાવવાના રહેશે.
- વર્ગખંડો/શાળા સંકુલ ખાતે નિયમિત રીતે યોગ્ય સેનીટાઇઝેશન કરાવવાનું રહેશે.
- શાળા પરિસરમાં હેન્ડ વોશિંગ/સેનીટાઇઝેશનની જરૂરી વ્યવસ્થા રાખવાની રહેશે.
- અભ્યાસક્રમને ધ્યાને લઇ કયાં વિષય/અભ્યાસક્રમ માટે કેવા પ્રકારની શૈક્ષણિક વ્યવસ્થા ગોઠવવી તે અંગેનો નિર્ણય શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ સુપરવાઇઝરશ્રીના પરામર્શમાં રહી કરવો.
- શાળા સંકુલની અંદર અને બહાર વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ અન્ય કર્મચારી સહિત તમામ વ્યક્તિઓ માટે યોગ્ય રીતે ફેસ માસ્ક પહેરવું ફરજિયાત રહેશે. કોવિડ-૧૯ સંદર્ભે આપેલ ગાઇડલાઇનનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
- સતત મોનીટરિંગ કરીને કોઇપણ સંક્રમિત અથવા સંક્રમણના લક્ષણો ધરાવતા કોઇપણ વિદ્યાર્થી/શિક્ષક અથવા ત્રાહિત વ્યકિત શાળા સંકુલમાં પ્રવેશે નહી. તે અંગે પુરતી તકેદારી અને કાળજી લેવાની રહેશે.
- શાળા ખાતે વિદ્યાર્થીઓ આવવા-જવાના તેમજ રિસેશના સમયે વાલીઓ અને વિદ્યાર્થીઓ એકસાથે એકસ્થળે એકત્ર ન થઇ જાય તેની પુરતી કાળજી રાખી સોચારૂ આયોજન કરવાનું રહેશે.

- કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રહેતા હોય તેવાં વિદ્યાર્થી/સ્ટાફ મેમ્બર કે ત્રાહિત કોઈપણ વ્યક્તિ માટે શાળા સંકુલમાં પ્રવેશવાની મનાઇ રહેશે. જે શાળા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોય તે શાળા બંધ રાખવાની રહેશે.
- રાજ્ય સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ એસ.ઓ.પી.માં દર્શાવ્યા મુજબ મુખ્ય શિક્ષક, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, એસ.એમ.સી. સભ્યોએ માર્ગદર્શિકાને અનુસરવાનું રહેશે.
- શાળાઓમાં સમુહ પ્રાર્થના, રમત-ગમતની પ્રવૃતિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે તમામ પ્રકારની સામુહિક પ્રવૃતિઓ સંપુર્ણ બંધ રાખવાની રહેશે.
- શાળાનો સમય રાબેતા મુજબ (જે-તે શાળા માટે નિયત કર્યા મુજબનો) રાખવાનો રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૧-૧૧-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

રાજ્યમાં આવેલ તમામ બોર્ડની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧થી ૫ ના વર્ગોમાં પ્રત્યક્ષ રીતે શૈક્ષણિક કાર્ય ચાલુ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૮૯૩૧/ક (પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૧/૧૧/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા. ૦૫/૦૪/૨૦૨૧ના પત્ર ક્રમાંક પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૮૯૩૧/ક

(૨) શિક્ષણ વિભાગનો તા. ૨૭/૦૮/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૮૯૩૧/ક (પાર્ટ-૧)

આમુખ:

રાજ્યમાં કોવિડ-૧૯ના કેસો વધવાના કારણે અન્ય આદેશ ન થાય ત્યાં સુધી રાજ્યની પ્રાથમિક શાળાઓ બંધ રાખવાના નિર્ણયની વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પત્રથી જાહેરાત કરવામાં આવેલ હતી. ત્યારબાદ, વંચાણે લીધેલ ક્રમાંક (૨) હેઠળના તારીખ ૨૭/૦૮/૨૦૨૧ના ઠરાવથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૬ થી ૮ ના વર્ગો માટે પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુન: શરૂ કરવામાં આવેલ. કોરોનાની હયાત સુધરતી જતી સ્થિતિને ધ્યાને લઇને, રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પુરતી તકેદારી સાથે ધોરણ ૧ થી ૫ના વર્ગો માટે પ્રત્યક્ષ શિક્ષણકાર્ય પુન: શરૂ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યમાં આવેલ તમામ બોર્ડની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ થી ૫ના વર્ગો માટે તારીખ ૨૨/૧૧/૨૦૨૧, સોમવારથી પ્રત્યક્ષ શિક્ષણકાર્ય પુન: શરૂ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આ સંબંધે, રાજ્યમાં આવેલ તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧). તારીખ ૨૨/૧૧/૨૦૨૧થી રાજ્યની તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧થી ૫ના વિદ્યાર્થીઓ માટે ભૌતિક રીતે/પ્રત્યક્ષ રીતે શૈક્ષણિક કાર્ય (Offline Education) ફરીથી શરૂ કરવામાં આવશે. જો કે, ભૌતિક રીતે/પ્રત્યક્ષ રીતે શૈક્ષણિક કાર્ય (Offline Education)માં હાજરી આપવી વિદ્યાર્થી માટે સ્વૈચ્છિક રહેશે તથા તે માટે સંબંધિત સંસ્થા/પ્રાથમિક શાળાએ વિદ્યાર્થીના વાલી પાસેથી આ સાથે સામેલ નમૂનામાં લેખિત સંમતિપત્ર મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ વર્ગમાં ભૌતિક હાજરીથી પ્રત્યક્ષ રીતે ન જોડાઇ શકે તે વિદ્યાર્થીઓ માટે શાળાઓ દ્વારા ONLINE અભ્યાસની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨). વિદ્યાર્થીઓની સંખ્યા તથા વિષયની જરૂરિયાત તેમજ જટિલતા ધ્યાને લઇને શાળાઓએ પૂરતી કાળજી લઇને વર્ગ સંખ્યા ગોઠવવાની રહેશે. વર્ગખંડોમાં વિદ્યાર્થી સંખ્યાના ૫૦ % ની

ક્ષમતાની મર્યાદામાં, એકાંતર દિવસ (Alternate day) મુજબ વિદ્યાર્થીઓને વર્ગખંડ શિક્ષણ માટે બોલાવવાના રહેશે તેમજ વર્ગખંડોમાં કોઇપણ બે વિદ્યાર્થીઓ/વ્યકિત વચ્ચે પર્યાપ્ત અંતર/ Social Distancing અચૂકપણે જાળવવાનું રહેશે. વધુમાં, સમયાંતરે નિયમિત રીતે વર્ગખંડનું યોગ્ય સેનેટાઈઝેશન કરવાનું રહેશે તથા સંસ્થાના પરિસરમાં હેન્ડ વોશિંગ / સેનેટાઇઝેશન પોઇન્ટ પૂરતા પ્રમાણમાં રાખવાના રહેશે.

(૩).વધુમાં, સંબંધિત અભ્યાસક્રમને ધ્યાને લઈને કયા વિષય/અભ્યાસક્રમ માટે કેવા પ્રકારની શૈક્ષણિક વ્યવસ્થા ગોઠવવી તે અંગેનો નિર્ણય લેવા માટે શાળાના મુખ્ય શિક્ષકશ્રી/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ સંચાલકશ્રી સક્ષમ રહેશે. વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ અન્ય તમામ કર્મચારીઓ માટે યોગ્ય રીતે ફેસમાસ્ક પહેરવું ફરજિયાત રહેશે. COVID-19 સંદર્ભે ઉચિત વર્તણૂક (Covid Appropriate Behaviour) નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ બાબતમાં સતત મોનીટરીંગ કરીને કોઇપણ સંક્રમિત અથવા સંક્રમનના લક્ષણ ધરાવતા કોઈ પણ વિદ્યાર્થી/શિક્ષક અથવા ત્રાહિત વ્યકિત શાળા સંકુલમાં પ્રવેશે નહિ તે અંગે સંબંધિત તમામ સ્થાનિક સત્તાધિકારીઓએ પૂરતી તકેદારી અને કાળજી લેવાની રહેશે.

(૪).કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રહેતા હોય તેવા અથવા જેના પરિવારમાં કોરોના સંક્રમિત કોઈપણ વ્યકિત હોય તેવા કોઈ વિદ્યાર્થી કે સ્ટાફ મેમ્બર અથવા ત્રાહિત કોઈપણ વ્યકિત માટે શાળામાં પ્રવેશની મનાઈ રહેશે. જો કોઈ શાળા કન્ટેન્ટમેન્ટ ઝોનના વિસ્તારમાં હોય તો તે શાળા ખોલી શકાશે નહી.

(૫).સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ SOP માં દર્શાવ્યા મુજબ તમામ સંબધિતો જેવા કે મુખ્યશિક્ષક, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, SMC સભ્ય, વગેરેના કેપેસીટી બિલ્ડીંગ અંગેની કાર્યવાહી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) એ કરવાની રહેશે. આ તમામ કાર્યવાહી સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ એસ.ઓ.પી/માર્ગદર્શિકાને અનુસરીને કરવાની રહેશે.

(૬).પ્રાથમિક શાળાઓમાં થતી સમૂહ પ્રાર્થના, રમત-ગમતની પ્રવૃતિઓ ,સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે તમામ પ્રકારની અન્ય સામુહિક પ્રવૃતિઓ નવી સૂચના ન મળે ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ રહેશે.

પ્રત્યેક વિસ્તારની સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈને સંબંધિત જિલ્લાના વહીવટીતંત્ર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શાળાના મુખ્યશિક્ષકશ્રી/સંચાલકશ્રી દ્વારા ઉપર્યુકત તમામ માર્ગદર્શિકાનું પાલન વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈને કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

B.N.Erda

(ભાવેશ એરડા)

અધિક સચિવ

શિક્ષણ વિભાગ

બિડાણ : વાલી/માતા-પિતાના સંમતિપત્રનો નમુનો

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રદ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)નાઅંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, બ્લોકનં. ૪, નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા.શિ.અનેમા.શિ), શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨,ગાંધીનગર.
- સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ /મ્યુનિસીપલ કમિશનરશ્રીઓ/ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/ શાસનાધિકારીશ્રીઓ
  *(નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફતે)*
- વિભાગની સર્વે શાખાઓ.
- આઇ.ટી. શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ( આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

વાલી/માતા-પિતાનું નામ

....................................................

સરનામું....................................................

....................................................

મોબાઇલ/સંપર્ક નં:........................................

તા. ................

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી/આચાર્યશ્રી,
શાળાનું નામ ..........................................
સરનામું....................................................
તાલુકો............ જિલ્લો..................

વિષય: મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવા અંગે સંમતિ આપવા બાબતે

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, કોવિડ-૧૯ની હાલની પરિસ્થિતિને ધ્યાને લઇને સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ S.O.P. (સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર)નું પાલન કરવાની શરતે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરવાનો સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. મારો પુત્ર/પુત્રી/પાલ્ય (વિદ્યાર્થીનું નામ) ........................................................................ આપની શાળામાં ધોરણ.......... માં અભ્યાસ કરે છે. મેં S.O.P.માં દર્શાવેલ માતા-પિતા/વાલીની ભૂમિકાની વિગતો વાંચેલ છે. મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવા માટેની હું સંમતિ આપુ છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી દ્વારા સરકારશ્રીની S.O.P. તેમજ કોવિડ-૧૯ અંગેની ગાઇડલાઇન્સનુ પાલન કરવામાં આવશે તેની હું બાંહેધરી આપુ છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી શાળામાં ફેસ માસ્ક પહેરીને આવે તેમજ પાણીની બોટલ, નાસ્તો વગેરે ઘરેથી લઇને આવે અને અન્ય કોઇ સાથે તેની આપ-લે ન કરે તે બાબતમાં અમોએ અમારા પાલ્યને જરૂરી સમજ આપેલ છે. મારા પરિવારમાં જો કોઇ વ્યક્તિ કોરોના સંક્રમિત હશે તો અથવા મારું નિવાસ સ્થાન કન્ટેન્મેન્ટ ઝોનમાં આવતું હશે તો હું મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં મોકલીશ નહિ તે બાબતની હું ખાતરી આપુ છું.

આપનો વિશ્વાસુ,

.....સહી.....

( )

વાલીનુ નામ